અપીલ અરજી નં.૨૦૪ તા.૨૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાની
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાનીની તા.૨૬–૭–૧૦ ની અરજીથી (૧) સુરત ડીસ્ટ્રીકટ, મોજે રાંદેર ટી.પી. નં.૨૯ રાંદેર ફા.પ્લોટ નં.૧૬/એ રામનગરમાં રૂમ નં.૬૭ તથા ૬૮ ઉપર મંજુર પ્લાન વગર ગેરકાયદેસર રીતે બાંધકામ ચાલુ હોવા બાબત. વિ. મુદ્દા નં.૧ થી ૧૫ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૨૦૪/૨૦૧૦–૧૧

શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાનીની તા.૨૬–૭–૧૦ ની અરજીથી (૧) સુરત ડીસ્ટ્રીકટ, મોજે રાંદેર ટી.પી. નં.૨૯ રાંદેર ફા.પ્લોટ નં.૧૬/એ રામનગરમાં રૂમ નં.૬૭ તથા ૬૮ ઉપર મંજુર પ્લાન વગર ગેરકાયદેસર રીતે બાંધકામ ચાલુ હોવા બાબત. વિ. મુદ્દા નં.૧ થી ૧૫ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૩૦૩ તા.૨૫–૮–૧૦ થી આપેલ માહિતી અરજદારે ખોટો જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭૫ તા.૫–૧૦–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૧૨ તા.૮–૧૦–૧૦ થી પૂરક વિગતોમાં સિધ્ધાંતિક પ્લાન મંજુરી આપવામાં આવેલ રીપોર્ટની નકલ કરેકટેડ પ્લાનની નકલ, નિયમબધ્ધ ન થઈ શકે તેવા બાંધકામ દુર કર્યા બાબતનો રીપોર્ટ, ડીમોલીશનના ફોટાની નકલ, નિયમબધ્ધ થઈ શકે તેવું બાંધકામ પ્રિમિયમ ભરી નિયમબધ્ધ કરેલ તેની રસીદ તથા અન્ય ડીપોઝીટ કર્યા અંગેના ડીપોઝીટની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૧૬૨ તા.૨૬–૭–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી માંગતી અરજી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૩૦૩ તા.૨૫–૮–૧૦ થી મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી આપવામાં આવેલ. (૧) સુરત ડીસ્ટ્રીકટ, મોજે રાંદેર ટી.પી. નં.૨૯ રાંદેર ફા.પ્લોટ નં.૧૬/એ રામનગરમાં રૂમ નં.૬૭ તથા ૬૮ ઉપર મંજુર પ્લાન વગર ગેરકાયદેસર રીતે બાંધકામ ચાલુ હોવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતના પ્લાનની સૈધ્ધતિંક મંજુરી તા.૨૪–૬–૧૦ થી આપવામાં આવેલ છે. જેની માહિતી તમોને આરટીઆઈ એકટ હેઠળના આ અગાઉના પત્રથી પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૨) રામનગરમાં રૂમ નં.૬૭ તથા ૬૮ માં રજાચિઠ્ઠી તથા પરવાનગી વિના નવેમ્બર ૨૦૦૯ માં શરૂ કરેલ બાંધકામ અંગે અમો અરજદારની ઘણી ફરીયાદો બાદ તા.૭–૫–૧૦ ના રોજ ફકત બતાવવા પૂરતું આગળ પાછળથી સ્લેબ તોડી પાડવામાં આવેલો અને બીજી દિવાલ વિગેરે તોડવામાં આવેલ નહીં અને ત્યાર બાદ તરત જ સદરહુ મિલ્કતમાં બાંધકામ કરવાનું ચાલુ કરી દેવામાં આવેલ. અમો અરજદારની વારંવાર ફરીયાદો કરવા છતાં કયા આધારે તથા કોની ભલામણના લીધે આજ સુધી કંઈ પણ કાર્યવાહી કેમ ન કરાઈ તેના વિગતવાર કારણો જણાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. (૩) રામનગર રૂમ નં.૬૭ તથા ૬૮ માં તા.૭–૫–૧૦ તારીખે કરવામાં આવેલ ડીમોલીશનમાં રજાચિઠ્ઠી તથા પરવાનગી વગર થતા બાંધકામને આખુ જમીનદોસ્ત કરવામાં કેમ ન આવ્યો તેની વિગતવાર માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની હોય છે. તેવું જણાવેલ છે. (૪)રામનગરમાં રૂમ નં.૬૭ તથા ૬૮ ડીમોલીશનમાં આગળ પાછળનો જે સ્લેપો તોડી પાડવામાં આવ્યા પણ તે સ્લેપની નીચેની દિવાલો ઉપરની કોલમો (પિલરો) અને તેની સાથેની બહાર નીકળતી દાદર નીચેથી ભરવામાં આવેલ અને ઉપરથી નથી સેન્ટીંગ અને પતરા કેમ તોડી પાડવામાં ન આવ્યું તે જણાવો અને પ્લોટના માપની નકલ આપવી તેના ફોટા હોય તો તે આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ ની જ માહિતી આપવાની હોય છે. ડીમોલીશનના ફોટાની નકલના રૂા.૨/– લેખે ૬ નકલના રૂા.૧૨/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. (૫) રામનગરમાં રૂમ નં.૬૭ તથા ૬૮ પ્લોટની માપ દર્શાવતી નકલ આપવી. તથા મંજુર કે ના મંજુર પ્લાનની નકલો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લાનની નકલના રૂા.૭૦/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે તેવું જણાવેલ છે. (૬) રામનગરમાં રૂમ નં. ૬૭ તથા ૬૮ માં માલિક ધ્વારા રાખવામાં આવેલ પ્લાન તથા કરેલ બાંધકામની નકલો જે કંઈ હોય તે આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લાનની નકલના રૂા.૭૦/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે તેવું જણાવેલ છે. (૭) રામનગરમાં રૂમ નં.૬૭ તથા ૬૮ માં કેટલા માપમાં નિયમબધ્ધ બાંધકામ થઈ શકે છે તે માપની નકલો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લાનની નકલના રૂા.૭૦/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે તેવું જણાવેલ છે. (૮) રામનગરમાં રૂમ નં. ૬૭ તથા ૬૮ માં કેટલા

માપનું ડીમોલીશન કરવામાં આવ્યું તથા કેટલા માપનું બાંધકામ ડીમોલીશન પછી રહેવા દેવામાં આવ્યુ તથા તે માપ દર્શાવતી દરેક નકલો તથા તેના ફોટા પાડયા હોય તો ફોટા સાથેની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લાનની નકલના રૂા.૭૦/– ભરપાઈ કર્યેથી તથા ડીમોલીશનના નકલના રૂા.૨/– લેખે ૬ નકલના રૂા.૧૨/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. (૯) રામનગરમાં રૂમ નં. ૬૭ તથા ૬૮ ની સામે પહોળાઈ દર્શાવતા માપની નકલો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પાર્ટ પ્લાનની નકલના રૂા.૫૦૦/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. (૧૦) રામનગરમાં રૂમ નં. ૬૭ તથા ૬૮ માં પાર્કીગની જગ્યા છોડવામાં આવી છે કે કેમ? તે પાર્કીગના માપની માહિતી દર્શાવતી નકલો આપવી. (૧૧) રામનગરમાં રૂમ નં. ૬૭ તથા ૬૮ માં માર્જીનની જગ્યા છોડવામાં આવી છે કે કેમ? તે માર્જીનના માપની માહિતી દર્શાવતી નકલો આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર પ્લાનની નકલના રૂા.૭૦/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે તેવું જણાવેલ છે. (૧૨) રામનગરમાં રૂમ નં. ૬૭ તથા ૬૮ માં આપના વિભાગ તરફથી કેટલા ભાગનું ડીમોલીશન કરવામાં આવ્યું હતું તથા અને કયા માપના આધારે ડીમોલીશન થયું તે માપ દર્શાવતી નકલો આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર પ્લાનની નકલના રૂા.૭૦/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે તેવું જણાવેલ છે. (૧૩) રામનગરમાં રૂમ નં. ૬૭ તથા ૬૮ માં આજની તારીખમાં પણ બાંધકામ ચાલે છે તો તે અંગેના કારણો આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ ની જ માહિતી આપવાની હોય છે. તેવું જણાવેલ છે. (૧૪) રામનગરમાં આવેલી અમારી રાજુ વિડીયો કેસેટ, હનુમાન ટ્રેડર્સ રૂમ નં. ૭૬ અથવા અમારી જે મિલ્કત અંગેની જે અરજીઓ તથા ફરીયાદો મહાનગરપાલિકાને મળેલી હોય તો તેની વિગતવાર બધી નકલો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીની નકલના રૂા.૨/– લેખે ૬ નકલના રૂા.૧૨/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. (૧૫) અમો અરજદારે કરેલ અરજીના જવાબમાં તમોએ જણાવેલ હતું કે રામનગરમાં દુકાનો અંગેની માહિતી તમારી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તો તમોએ ફકત હમારી દુકાનમાં સીલ કયા આધારે મારેલી તે અંગેના કારણો આપશોજી. જો ફરીયાદ કરનારની દુકાન –મિલ્કતમાં સીલ મારી તેને ફરીયાદ પરત ખેંચવા માટે દબાણ કરવાનું પગલું યોગ્ય છે કે કેમ તે જણાવશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે. સદર માહિતી ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબધ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે આઈ ડી નં.૧૬૨ હેઠળની માહિતી દસ્તાવેજની નકલ ફી પેટે રસીદ નં.૨૭૩૭૬ થી રૂા.૮૫૦/– તથા રસીદ નં.૨૭૩૭૪ થી રૂા.૧૭૬ /– કુલ મળી રૂા.૧૦૨૬/– ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. જે બાબતે અરજદારે ખોટો જવાબ આપેલ હોવાનું જણાવી અપીલ અરજીમાં તદ્દન ખોટી રીતે ના મંજુર પ્લાનને મંજુર પ્લાન તરીકે જણાવેલ છે. તે જવાબ સામે નારાજ થઈ તા.૨૮–૯–૧૦ ના રોજ અપીલ કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારની ના મંજુર પ્લાનને મંજુર પ્લાન બાબતે કરેલી રજૂઆત સંદર્ભે સિધ્ધાંતિક પ્લાનની મંજુરીની નકલ તથા કરેકટેડ પ્લાનની નકલ તેમજ નિયમબધ્ધ થઈ શકે તેવા બાંધકામનું પ્રીમીયમ ભરી નિયમબધ્ધ કરેલાની રસીદ તથા અન્ય ડીપોઝીટ ભર્યા અંગેના રીપોર્ટની નકલ પણ રજૂકરેલ છે. આ રીતે જાહેર માહિતી અધિકારીએ પ્લાન મંજુર અંગેના આધારો રજુ કરેલ છે. આથી અરજદારે અપીલમાં કરેલા ના મંજુર પ્લાનને મંજુર કર્યા બાબતેના દાવાને સમર્થન મળતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૬–૭–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો બાબત હેઠળની મિલ્કતના દફતરની તપાસણી દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયેથી હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાની